Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

॥ શ્રી ઉમિયાય નમઃ ॥
॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મુંબઈ પાટીદાર પ્રગતિ

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર**

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

✻ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✻

February 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૩ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૨/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### મહા શિવરાત્રી અમૃત પર્વ

ભારતીય સંસ્કૃતિ અનુસાર માનવ જીવન મધુર અને મંગળમય હોવું જોઈએ અને જીવન વર્ષના તમામ દિવસો ઉત્સવ સ્વરૂપ હોવા જોઈએ. પૃથ્વી પોતાની ધરી ઉપર ૨૩૦ ગોળ ફરતી રહી સૂર્યની પ્રદક્ષિણા કરે છે તેથી દિવસ-રાત અને ઋતુચક્ર બને છે જેની અસર સમસ્ત જીવસૃષ્ટી ઉપર પડે છે. સૂર્યના ગુરુત્વાકર્ષણની અસર પણ જબરી હોય છે. પરંતુ ચંદ્ર પણ જેવી પરિસ્થિતિ હોય તેવી વૃદ્ધિ કરે છે.

જો હર્ષિત હોયતો હર્ષ વધારે અને ઉદાસીન હો તો ઉદાસીનતા વધારે આથી મહા શિવરાત્રીના રોજ ઉપવાસ વ્રતની સાથે જાગરણ કરવાનું હોય છે જેથી આપણી જાગૃતિને ઉર્ધ્વગતિ મળે.પાશ્ચાત્ય સંસ્કૃતિમાં મોજ કરવા માટે બાહ્ય સાધનો જેવા કે દારૂનું સેવન કરે જ્યારે આપણી સંસ્કૃતિ કુદરતના સાનિધ્યમાં જ મોજ મસ્તી માણીએ છીએ.

બહારી પરિબળોથી થોડો સમય યાને અલ્પ પ્રભાવીત થવાય જયારે આંતરીક ચેતનાથી ખૂબ જ પ્રભાવીત થવાય, પ્રફુલ્લિત થવાય જેની દીર્ઘકાળ સુધી અસર રહે જેથી તન સાથે મનની સુંદરતા વધે જેની અસર વાણીને વર્તનમાં દેખાય.

પ્રફૂલ્લિત મનના તરંગો સઘળે વ્યાપ્ત થાય અને સઘળું સુંદરતમ, મધુરતમ બને આપણી સૃષ્ટી મંગળમય બને તો આવો આપણે પ્રત્યેક દિવસને આનંદથી વધાવીએ, પ્રત્યેક દિવસ ને ઉત્સવમય બનાવીએ કવિ કહ્યું છે :

તારી કૃપાનો પાર હરીના, વૃષ્ટિ નિરંતર થાયઃ
કોણ જાણે મને તોય ઘડી=ઓછું આવી જાય ।

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી**
**અશોક વાલજી અમૃતીયા સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

### મહાનગર મુંબઈના આંગણે ઉજવાયો ૬૬મો સમૂહ લગ્ન મહોત્સવ



શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ નિયુકત ‘‘સમૂહ લગ્ન સમિતિ’’ દ્વારા વિક્રમ સવંત ૨૦૮૧ના મહાસુદ પાંચમ એટલે કે વસંત પંચમીના શુભ અવસર પર ૬૬મા સમૂહ લગ્નનું આયોજન પાટીદાર ભવન ડોંબીવલી ખાતે ખૂબજ ઉમંગ અને ઉત્સાહ પૂર્વક યોજવામાં આવ્યું હતું.

વહેલી સવારના જ્ઞાતિજનો અને લગ્નમાં ભાગ લેનાર ભાગ્યસાડીઓનું આગમન શરૂ થઈ ગયેલ હતું. ૭.૧૫ કલાકે ગણેશ સ્થાપના, ૭.૩૦ કલાકે કન્યાઓના માંડવા, ૧૦.૩૦ કલાકથી ભોજન સમારંભ, ૧૨.૪૫ કલાકે હસ્ત મેળાપ અને ૩.૩૦ કલાકે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિ ટ્રસ્ટ ફંડના ચેરમેન, સર્વે અધિકારીઓ તથા તમામ ટ્રસ્ટીઓના માર્ગદર્શન સાથે સમુહ લગ્ન સમિતિ, યુવક મંડળ મુંબઈ મહિલા મંડળ મુંબઈ, સ્થાનિક ડોંબીવલી સમાજ, યુવક મંડળ તેમજ મહિલા મંડળ અને વિવિધ સમિતિઓ અને ઉત્સાહિ કાર્યકર્તાઓએ લગ્ન ઉત્સવમાં, સુશોભીકરણ અને સમનવય દ્વારા સુંદર છાપ છોડી

અનુસંધાન પાના નં. ૪ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈની જાહેર નોટીસ

### સાધારણ સામાન્ય સભા

સામાન્ય સભા તા. ૧૬-૦૩-૨૦૨૫ રવિવારના દિવસે બપોરે ૩.૩૦ કલાકે ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે રાખવામાં આવેલ છે.

**એજન્ડા :** ૧) દિપ પ્રાગટ્ય તથા સ્થાન ગ્રહણ અને સ્વાગત. ✻ ૨) ચૂંટણી પંચ નિયુકત કરવા બાબત. ✻ ૩) ટ્રસ્ટના ચેરમેન અને સભાના અધ્યક્ષની મંજૂરથી રજૂઆત. ✻ ૪) સભાના અધ્યક્ષનું ઉદબોધન. ✻ ૫) આભાર અને પૂર્ણતા તરફ.

**નોંધ :- :** ૧) કુલ ૫ (પાંચ) સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિયુક્તી કરવામાં આવશે. ✻ ૨) ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓની આગામી ચૂંટણીમાં ઉમેદવારી કરવા જરૂરી બધીજ યોગ્યતા ધરાવતા ઉપરોકત ટ્રસ્ટના સભ્યોનેજ ચૂંટણી પંચના સ ભ્ય તરીકે નીમી શકાશે. ✻ ૩) ચૂંટણી પંચના ૫ માંથી ઓછામાં ઓછા ૩ સભ્યો ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી રહી ચૂક્યા હોવા અથવા ટ્રસ્ટીઓની ચૂંટણીમાં ચૂંટણી પંચના સભ્ય રહી ચૂકયા હોય તેવા સભ્યો હોવા જરૂરી છે.

**લી. આપના આભારી : ચેરમેન : કાંતિલાલ નારાયણ સેંઘાણી - મેનેજીંગ ટ્રસ્ટી : શાંતિલાલ શીવજી ભીમાણી**

**સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.**

# ઘાટકોપર પરિવાર કપ ટેની ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૫

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર દ્વારા આયોજીત ''ઘાટકોપર પરિવાર કપ-૨૦૨૫'' ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ફાતિમાં સ્કૂલ ગ્રાઉન્ડ પર તારીખ ૧૮ અને ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ના કરવામાં આવ્યું હતું.

આ ટુર્નામેન્ટમા અંડર-૧૬ની ત્રણ ટીમ અને ઓપન કેટેગરીની ૯ યુવા ટીમોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની શરૂઆત યુવા મંડળના પ્રમુખ શ્રી પંકજ અમૃતિયા, આઈ.પી.પી. શ્રી અશોક પોકાર, શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વતી ખજાનચી શ્રી વીરેન્દ્રભાઈ માવાણી, દિપ પ્રાગટ્યના દાતા શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વતી સહમંત્રી શ્રી રૂપેશભાઈ સાંખલા, શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડના વાઈસ ચેરમેન શ્રી પ્રકાશભાઈ માવાણી, વિનર્સ કપના દાતા શ્રી મોહનભાઈ રામજીયાણી, રનર્સ કપના દાતા શ્રી મગનભાઈ રાજા ચોપડા, ઘાટકોપર સનાતન મહિલા મંડળના ઉપ-પ્રમુખ શ્રી પ્રભાબેન ડાયાણી, સૌ મહાનુભાવો સાથે મળી દિપ પ્રાગટ્ય કર્યું. ત્યારબાદ દાતાઓ દ્વારા ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું સાથે દાતાઓ દ્વારા અને ઘાટકોપર સમાજના ઉપસ્થિત સર્વે સભ્યોના હસ્તે શ્રીફળ વધેરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી જેમાં સૌ યુવા ખેલાડીઓ અને જ્ઞાતિ જનોએ ઉત્સાહથી સાથ આપ્યો. કાર્યક્રમ શરૂ થતાની સાથે જ બધા જ દાતાઓને આ આયોજનને નિહાળવા તેમના વિશેષ સ્થાન ઉપર બેસાડયા સાથે આ ભવ્ય આયોજનને નિહાળવા ગ્રાઉન્ડ ઉપર બહોળી સંખ્યામાં પ્રેક્ષકો પણ ઉપસ્થિત હતા સાથે યુવા મંડળની યુટ્યુબ ચેનલ ઉપર પણ ૪૮૦૦ જ્ઞાતિ જનોએ જીવંત પ્રસારણ પણ માણ્યું હતું.

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરના પ્રમુખ શ્રી પંકજ અમૃતિયાના નેતૃત્વમાં ને સહ-મંત્રી આકાશ રંગાણી અને હેનાલી પારસીયાના માર્ગદર્શનમાં યુવા મંડળની સંપૂર્ણ ટીમ તેમજ રમત-ગમત સમિતિના કેતન વાસાણી, પરેશ પોકાર, વિપુલ રામજીયાણી, પ્રીત અમૃતિયા, રૂષભ નાકરાણી, રોહન ધોળુ, ભાવિન માવાણીને તેમની મહેનતે સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવેલ.

બે દિવસની ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચો જોવા ટ્રસ્ટીશ્રીઓ, ઘાટકોપર સનાતન સમાજની કારોબારીસા સભ્યો તેમજ ઘાટકોપર સનાતન સમાજના સભ્યો આવ્યા હતા. બે દિવસની ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચો રમ્યા બાદ સેમી-ફાઈનલમાં ૪ ટીમો આવી હતી. તેમાંથી Rising Star અને Pitch Rockers એ બે ટીમ ફાઈનલમાં આવી હતી. જેમાંથી Pitch Rockers વિનર્સ અને Rising Star રનર્સ થઈ હતી.

| | |
|---|---|
| જેમાં મેન ઓફ ધી સીરીસ | વેદાંશ ધોળુ |
| બેસ્ટ બોલર | હિરેન રંગાણી |
| બેસ્ટ બેટ્સમેન | વેદાંશ ધોળુ |
| મેન ઓફ ધી મેચ ફાઈનલ | વેદાંશ ધોળુ |
| મેન ઓફ ધી મેચ સેમી-ફાઈનલ-૧ | રૂષભ નાકરાણી |
| મેન ઓફ ધી મેચ સેમી-ફાઈનલ-૨ | વેદાંશ ધોળુ |

U-16 ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચો રમ્યા બાદ Josh-11 અને Smart-11 એ બે ટીમ ફાઈનલમાં આવી હતી. જેમાંથી Smart-11 વિનર્સ અને Josh-11 રનર્સ થઈ હતી.

| | |
|---|---|
| જેમાં મેન ઓફ ધી સીરીસ | જૈનીલ છાભૈયા |
| મેન ઓફ ધી મેચ ફાઈનલ | હેત રામજીયાણી |

ઘાટકોપર પરિવાર કપ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ૧૦ વર્ષના અમને દાતાશ્રીઓ મળેલ છે જેમનો શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (ઘાટકોપર) ખુબજ આભારી છે.

## ઘાટકોપર પરિવાર કપ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩ થી ૨૦૩૨ સુધીના દાતાશ્રીઓની યાદી

| | |
|---|---|
| દીપ પ્રાગટ્યના દાતાશ્રી | શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ |
| વિનર્સ કપના દાતાશ્રી | શ્રીમતી ઝવેરબેન મોહન રામજીયાણી હસ્તે અરૂણભાઈ અને હરેશભાઈ |
| રનર્સ કપના દાતાશ્રી | માતુશ્રી સવિતામબેન મગન રાજા ચોપડા હસ્તે જયાબેન પ્રવીણ ચોપડા |
| મેન ઓફ ધી સીરીસના દાતાશ્રી | માતુશ્રી સાવિત્રીબેન અર્જુન કાનજી ચૌધરી હસ્તે વિજયભાઈ, હિરેનભાઈ અને સ્વા માતુશ્રી સવિતાબેન નથુરામ કરસન ધોળુ હસ્તે જીત ગોવિંદભાઈ |
| ટોસના દાતાશ્રી | શ્રીમતી લીલાબેન ભીખુભાઈ વાસાણી હસ્તે નિતેશભાઈ અને મેહુલભાઈ |
| બેસ્ટ બોલરના દાતાશ્રી | શ્રીમતી વનીતાબેન છગનલાલ રામજીયાણી હસ્તે રજનીકાંતભાઈ |
| બેસ્ટ બેટ્સમેનના દાતાશ્રી | ગં.સ્વ. મણીબેન જીવરાજ વાસાણી હસ્તે ગૌતભાઈ અને હિરેનભાઈ |
| મેન ઓફ ધી મેચ ફાઈનલના દાતાશ્રી | રિદ્ધિ એસોસિયેટસ હસ્તે વિજયભાઈ |
| મેન ઓફ ધી મેચ સેમી-ફાઈ. ૧ના દાતાશ્રી | શ્રીમતી જ્યોતિબેન અણ નાકરાણી |
| મેન ઓફ ધી મેચ સેમી-ફાઈ.-૨ના દાતાશ્રી | માતુશ્રી રામબાઈ હ રજી માવાણી હસ્તે અમૃતભાઈ અને વિરેન્દ્રભાઈ |
| બોલ અને સ્ટંપના દાતાશ્રી | માતુશ્રી કસ્તુરબેન દેવશી માવાણી હસ્તે જેન્તીલાલ દેવશી માવાણી |
| અમ્પાયરના દાતાશ્રી | શ્રીમતી લીમીબેન અરજણ પોકર હસ્તે હિના ભરત અને અંકિતા પરેશ |
| પાણી-લીંબુ શરબતના દાતાશ્રી | માતુશ્રી લક્ષ્મીન મોહન ડાયાણી હસ્તે શાંતિભાઈ અને પ્રદીપભાઈ |
| તેમજ આ વર્ષે U-16ના | |
| વિનર્સ કપના દાતાશ્રી | શ્રી ઈશ્વરભાઈ પ્રેમજી ભાવાણી |
| રનર્સ કપના દાતાશ્રી | Qmint Agatsya Green Pvt. Ltd. હસ્તે કાર્તિક સેંઘાણી, ખુશ્બુ લીંબાણી ઋષિ સેંઘાણી |
| મેન ઓફ ધી સીરીસના દાતાશ્રી | શ્રી પ્રજ્ઞેશ ર તિલાલ ધોળુ |
| ગોલા પોપકોનના દાતાશ્રી | શ્રીમતી મંગળાબેન વિસનજી પારસીયા હસ્તે રાહુલ, હિતેશ, આશિષ |
| તલ-લાડુ, ચકરીના દાતાશ્રી | ગં.સ્વ. મંગળાબેન બાબુલાલ ચૌહાણ હસ્તે અરૂણાબેન જીગ્નેશ ચૌહાણ, નીર, મન |

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (ઘાટકોપર) સર્વે દાતાશ્રી ઓનો ખુબજ આભારી છે.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (ઘાટકોપર)**

**પ્રમુખ : શ્રી પંકજ વાલજી અમૃતિયા - મહામંત્રી : શ્રી ધ્રુવ ઉમેશ સાંખલા**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડલ મુંબઈ ''વિશ્વ મહિલા દિવસ''

**यत्र नार्यस्तु पूज्यन्ते**
**रमन्ते तत्र देवता**

''ભારત દેશ'' આપણો ગૌરવશાળી દેશ જ્યાં નારીઓના હંમેશા સન્માન થતા રહ્યા છે. ભારતીય સંસ્કૃતિમા નારી સદૈવ સન્માનનીય ગણાય છે.

૮ માર્ચ એટલે કે વિશ્વ મહિલા દિવસના શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ દ્વારા દર વર્ષે આપણી સમાજના વિશિષ્ટ પ્રતિભા ધરાવતા મહિલાઓના સન્માન થાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કર્યા હોય એવા મહિલાઓના સન્માન કરવા જઈ રહ્યાં છીએ. આ દિવસ માટે મુંબઈના તમામ પરાંઓમાં થી સન્માનનીય મહિલાઓના નામ આવકાર્ય છે.

**શનિવાર, તા. ૦૮-૦૩-૨૦૨૫**
**સમય : બપોરના ૨.૩૦ કલાકે થી**
**સ્થળ પાટીદાર વાડી બોરીવલી**

**✽ નામ લખાવવા માટેના સંપર્ક સૂત્રો ✽**

| | | |
|---|---|---|
| પૂનમ નરેન્દ્ર રામજીયાણી | ઘાટકોપર | ૯૮૭૦૦૯૮૮૩૫ |
| કલ્પના વિજય છાભૈયા | બોરીવલી | ૯૯૬૭૦૨૭૧૧૧ |
| રેખા નરેન્દ્ર ધોળું | ડોંબીવલી | ૯૯૩૦૭૮૮૧૫૯ |

**પ્રમુખ : શ્રીમતી વર્ષા નરેશ દીવાણી**
**મહામંત્રી : શ્રીમતી પૂનમ નરેન્દ્ર રામજીયાણી**

## શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી
## કારોબારી સમિતિ વર્ષ ૨૦૨૫ થી વર્ષ ૨૦૨૭ ચુંટણીનો અહેવાલ

ઉપરોક્ત મં ડળની વર્તમાન કારોબારીની મુદત પૂર્ણ થતી હોય તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૭ની મુદ્દત માટે નવી કારોબારી સમિતિની રચના કરવા નીચે મુજબ ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

તા. ૨૬-૦૧-૨૦૨૫ના રોજ ચુંટણીપંચ, ઉમેદવારો તેમજ યુવક મંડળ-ડોંબીવલીના પ્રમુખ શ્રી સયુકત મીટીંગ રાત્રે ૯.૦૦ કલાકે પાટીદાર ભવન-ડોંબીવલી ખાતે મળેલ હતી. જેમાં ની ચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સૌ પ્રથમ ચુંટણીપંચ વતીથી શ્રી જીજ્ઞેશ રતિલાલ ઉકાણી દ્વારા હાજર રહેલ સર્વે સભ્યોનું સ્વાગત કરવામાં આવેલ હતું.

ત્યારબાદ ચુંટણીપંચ વતીથી શ્રી જીજ્ઞેશ રલિાલ ઉકાણીએ જણાવેલ કે આ વખતે તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૭ની મુદત માટે કુલ ૫૦ ઉમેદવારી પત્રક આવેલ છે અને ચકાસણી બાદ એકપણ ઉમેદવારી પત્રક રદ્દબાદલ થયેલ નથી માટે ચુંટણીપંચ વતીથી ૫૦ ઉમેદવારી પત્રક ને મંજુર કરવામાં આવેલ છે.

ત્યારબાદ ચુંટણીપંચ વતીથી જણાવેલ કે યુવક મંડળની કારોબારીમાં ૨૧ સભ્યો અને ૧ આઈ.પીપી. એમ કુલ ૨૨ જણની કારોબારી સંખ્યા હોય છે માટે જેમણે પણ સ્વેચ્છાએ પોતાના ફોર્મ પાછા ખેચવા હોય તે ખેચી શકે છે.

ચુંટણીપંચ વતીથી જણાવેલ કે સ્વેચ્છાએ ફોર્મ પાછા ખેચેલ સભ્યો બાદ કુલ ૨૧ સભ્યો બાકી રહે છે.

ત્યારબાદ ચુંટણીપંચ વતીથી તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૭ની મુદત માટે નવી કારોબારીના નામની જાહેરાત કરવામાં આવેલ હતી.

**શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી - કારેબારી સમિતિ વર્ષ ૨૦૨૫ થી વર્ષ ૨૦૨૭ નવનિયુક્ત કારોબારી સભ્યોની યાદી**

| ક્ર. | હોદ્દાઓ | નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | પ્રમુખ | ધીરેન રમેશ સેંઘાણી | રત્નાપર-મઉં |
| ૨ | આઈ.પી.પી. | જયેશ નાનજી ભગત | નાની-વિરાણી |
| ૩ | ઉપપ્રમુખ | ધર્મેન્દ્ર માવજી રંગાણી | ગઢશીસા |
| ૪ | મહામંત્રી | મયંક પરેશ પોકાર | લુડવા |
| ૫ | સહ-મંત્રી | સુનીલ વિશનજી સેંઘાણી | રાજપર |
| ૬ | સહ-મંત્રી | રાજેશ શાંતિલાલ ચૌધરી | ગાંધીગ્રામ |
| ૭ | ખજાનચી | વિપુલ કાંતિલાલ સેંઘાણી | દુર્ગાપુર-નવાવાસ |
| ૮ | સહ-ખજાનચી | સંજય ચંદુલાલ ભાવાણી | આનંદસર-મંજલ |
| ૯ | સહ-ખજાનચી | મયંક મોહનલાલ પોકાર | લુડવા |
| ૧૦ | કા.સભ્ય | સંજય મોહનલાલ દીવાણી | દુજાપર |
| ૧૧ | કા. સભ્ય | રાજેશ પરષોત્તમ સેંઘાણી | મમાયમોરા |
| ૧૨ | કા.સભ્ય | કીર્તિ માવજી પોકાર | જીયાપર |
| ૧૩ | કા.સભ્ય | સુર્યા હિરાલાલ ભાવાણી | કલ્યાણપર |
| ૧૪ | કા.સભ્ય | મોહિત હિંમત સેંઘાણી | ગઢશીસા |
| ૧૫ | કા.સભ્ય | હરેશ પ્રકાશ પોકાર | લુડવા |
| ૧૬ | કા.સભ્ય | તુષાર મનસુખ સેંઘાણી | ભીટારા |
| ૧૭ | કા.સભ્ય | નકુલ પ્રવીણ ભીમાણી | મેરાઉ |
| ૧૮ | કા.સભ્ય | મહર્ષ ઈશ્વર રામાણી | બિદડા |
| ૧૯ | કા.સભ્ય | સૂચિત ભરત સેંઘાણી | મમાયમોરા |
| ૨૦ | કા.સભ્ય | વિષ્ણુ રવિલાલ ભાવાણી | કલ્યાણપર |
| ૨૧ | કા.સભ્ય | રાજ વિનોદ પોકાર | રાયણ-મોટી |
| ૨૨ | કા.સભ્ય | પ્રેમ જગદીશ પોકાર | મમાયમોરા |
| ૨૩ | સલાહકાર | શ્રી રમેશ શામજી સેંઘાણી | રત્નાપર-મઉં |
| ૨૪ | સલાહકાર | શ્રી કમલેશ મણીલાલ લીંબાણી | કોટડા-જડોદર |
| ૨૫ | સલાહકાર | શ્રી પરેશ શિવગણ પોકર | લુડવા |
| ૨૬ | સલાહકાર | શ્રી જીજ્ઞેશ રતિલાલ ઉકાણી | માનકુવા |
| ૨૭ | સલાહકાર | શ્રી આશિષ વિનોદ લીંબાણી | કોટડા-જડોદર |

નવ નિયુક્ત કારોબારીને હાજર રહેલ સભ્યોએ તાળિયોથી વધાવેલ હતા. તેમજ ચુંટણીપંચ ને જવાબદારી આપવા બદલ આભાર માની ઉમિયા માતાજીની જય બોલાવી મીટીંગને પૂર્ણ કરેલ હતી.

**લી શ્રી પાટીદાર યુવક મંડળ - ડોંબીવલી વતી થી ચુંટણીપંચ-૨૦૨૫**

**જીજ્ઞેશ રતીલાલ ઉકાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત
## સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ


OJJAS™ SMART MOVE, SMART LIFE

### બાળકોમાં પરીક્ષા સમયે લાગતો ડર અને બેચેની

- બાળકો ભણીને જાય છે પણ પરીક્ષા હોલમાં ડરથી બધું ભૂલી જાય છે.
- ડર ને કારણે આત્મવિશ્વાસ પણ ઓછો થઈ જાય છે .
- ઘણી વખત હાથપગ માં પસીનો આવે છે અને બેચેની ને કારણે યાદ કરેલું ભૂલી જાય છે.
- તેનો આપણા સુજોક માં સરળ અને સટીક ઉપાય છે જે નીચે મુજબ છે .




હાથ ના અંગૂઠા માં અખરોટ તેમજ પહેલી આંગળી માં ઓરેંજ કલર કરી મઠ ના દાણા લગાડો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઇંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાડેલા પોઇંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.
( H5, B15,LU 11,P6 )

<u>**વિશેષ**</u> : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે

- હે ગણેશ ગુરુ ,અનંત કોટી બ્રહમાંડમાંથી ચૈતન્ય પ્રાણ શક્તિ પરમવિધા નો કરંટ (બાળકનું નામ )મસ્તિક ના અણુ એ અણુ તમામ કોષો માં તેમજ આજ્ઞાચક્ર, પિચ્યુટરી, પિનીયલ, મોડયુલા ગ્રંથિ માં એકટીવ થાવ (3)
- (બાળકનું નામ ) જ્ઞાનતંતુ અને ક્ષમતા માં વધારો થાવ (3)
- (બાળકનું નામ ) મન બુધ્ધિ ચિત્ત પ્રાણમય બનો (3)

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ
## "મિલે સુર મેરા તુમ્હારા"

તા. ૨૬-૦૧-૨૦૨૫ રવિવારના પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શ્રી ઘાટકોપર સનાતન સમાજે દેશ ભકિતના ગીત સંગીતના એક ભવ્ય કાર્યક્રમનું આયોજન સુન્દરમ્ હોલ પાટીદાર વ ડી ઘાટકોપરમાં કરેલ હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં મહામંત્રી શ્રી પ્રફુલભાઈ નાકરાણીએ આવેલ સૌ સભ્યોનું હાર્દીક સ્વાગત કર્યું હતું ને ત્યારબાદ ઘાટકોપર સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ વાસાણી, મહામંત્રી શ્રી પ્રફુલભાઈ નાકરાણી, શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડના સહ ચેરમેન શ્રી પ્રકાશભાઈ માવાણી તથા શાંતિભાઈ ચોપડા, ઘાટકોપર યુવા મંડળના પ્રમુખ શ્રી પંકજભાઈ અમૃતિયા, શ્રી ઘાટકોપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કુસુમબેન રામજીયાણી અને નીતિનભાઈ પોકારના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરેલ. એક થી એક ચડિયાતા દેશભક્તિના ગીતોનો આ આખો કાર્યક્રમ શ્રી નીતિનભાઈ પોકારે અને તેમના સાથીદારોએ તૈયાર કરેલ હતો. આપણા જ પાટીદાર ભાઈઓ અને બહેનો દ્વારા તૈયાર થયેલ આ ગીત સંગીતના કાર્યક્રમનું સંચાલન પોતાની આગવી છટામાં શ્રીમતી કુસુમબેન રામજીયાણીએ કરેલ હતું. ખરેખર આ સુંદર કાર્યક્રમની મજા ઘાટકોપરના સૌ સભ્યોએ માણી હતી અને હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. આ કાર્યક્રમમાં ઘાટકોપરના બધા ટ્રસ્ટીઓએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

આ કાર્યક્રમ માટે અમોને સાથ આપનાર શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓના અમે ખરા હૃદયથી આભારી છીએ. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમ પૂર્ણ કરેલ. ત્યારબાદ મહાપ્રસાદનો સ્વાદ લઈ સૌ છૂટા પડેલ

**પ્રમુખ શ્રી રમેશભાઈ વિશ્રામ વાસાણી**

**મહામંત્રી શ્રી પ્રફુલભાઈ રસિકલાલ નાકરાણી અને સમસ્ત કારોબારી સભ્યો**

ઉત્તમ પુસ્તકો માનવીના જીવનનું શ્રેષ્ઠ ઘડતર કરે છે.

## મુંબઈ રીજીયનમાં Youth Empowerment Seminer યોજાયો

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ ઈ એન્ડ ટી સમિતિ દ્વારા યુથ એમ્પાવરમેન્ટ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. તારીખ ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે આ આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆત યુવા મંડલ મુંબઈના પ્રમુખ અશોકભાઈ સેંઘાણી, યુવા મંડળ વેસ્ટર્ન વિભાગીય પ્રમુખ હિરેનભાઈ ચૌધરી, મહિલા મંડળ મુંબઈના પ્રમુખ વર્ષાબેન દિવાણી, મહામંત્રી પુનમબેન રામજીયાણી, ટ્રસ્ટ ફંડ ટ્રસ્ટી હીરાભાઈ રામજીયાણી, શાંતિભાઈ રૂડાણી, મુંબઈ ઝોન સમાજ પ્રમુખ કાંતિભાઈ લીંબાણી, મહેન્દ્રભાઈ સેંઘાણી, બોરીવલી સમાજ પ્રમુખ જયંતીભાઈ છાભૈયા, વિઠ્ઠલભાઈ હળપાણી Ocean Council E&T PDO હિતેશભાઈ ચોપડા, પાટીદાર યુવક મંડળ બોરીવલી પ્રમુખ પરેશભાઈ રામાણી, પાટીદાર મહિલા મંડળ બોરીવલી પ્રમુખ જ્યોતિબેન છાભૈયા તથા અન્ય મહાનુભાવો તેમજ વક્તા મૌલિક સોની દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.

ત્યારબાદ કાર્યક્રમને યુવા મંડળ મુંબઈ મહામંત્રી હિરેનભાઈ લીંબાણી દ્વારા રજૂઆત બાદ વકતાનું સન્માન કરીને મંચ વક્તા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સેમિનારમાં પ્રથમ દિવસે વક્તા મૌલિકભાઈ દ્વારા તેમની આગવી શૈલીમાં લેક્ચર્સ અને ટ્રેનિંગ વચ્ચે તફાવત, માણસોના પ્રકાર તેમજ ટ્રેનિંગ સ્વામી વિવેકાનંદ પ્રોસેસ કેવા પ્રકારના કામો કરવા, મજા આવે કે ફાયદો થાય, એનએલપીનો પરિચય, ચિંતાનું સર્કલ.

બીજા દિવસના સત્રમાં મૌલિક સોની દ્વારા સક્સેસ ફ્રેમવર્ક, રીચ પીપલ અને પુઆર પી પલ વચ્ચેનો તફાવત તમારી યુએસપી, પાવર ઓફ નેટવર્ક, અપડેટ, પ્રદીપ પ્રોસેસ, ધીરુભાઈ પ્રોસેસ ઓફ ડિસિઝન મેકિંગ, માય વિશ લીસ્ટ ફિયર, વાવ પ્રોસેસ, કોટા સિસ્ટમ, ઈફેક્ટિવ પબ્લિક સ્પીકિંગ, પાવર ઓફ માઈન્ડ એન્ડ બ્રેઈન, પાવર ઓફ પોઝિટિવિટી, તથાસ્તુ, માઈન્ડ કંટ્રોલ મેથડ, હાવ ટુ બી કમ લકી, વગેરે મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સૌ પાર્ટિસિપેન્ટસ ખૂબ જ ઉત્સાહથી અને ઉલ્લાસ સાથે દરેક એક્ટીવીટી ખૂબ જ જોશપૂર્ણ રીતે કરેલ હતી. સંપૂર્ણ સેમિનાર થિયરી કરતાં વધશરે પ્રેક્ટીકલ ઉપર આધારિત હતો જેથી સર્વે પાર્ટિસિપેન્ટ્સને કાર્યક્રમનો મૂળ સમજાઈ શકે.

કાર્યક્રમ માટે ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા બોરીવલી વાડી ફાળવવામાં આવેલ હતી તથા ઉત્તમ બેઠક વ્યવસ્થા તેમજ જમણવારની સંપૂર્ણ વ્યવસ્થા અને ગ્રાઉન્ડ લેવ લની સર્વે વ્યવસ્થા બોરીવલી યુવક મંડળે સહયોગી તરીકે સંપૂર્ણપણે નિભાવી હતી. રજીસ્ટ્રેશનની વ્યવસ્થા એજ્યુકેશન સમિતિના સભ્યો તેમજ બોરીવલી યુવક મંડળ દ્વારા સંભાળવામાં આવેલ હતી. Ocean council E&T PDO હિતેશભાઈ ચોપડા દ્વારા વક્તા મૌલિક સોનીના રહેવાની વ્યવસ્થા તેમના નિવાસ્થાને કરી હતી. તેમ બોરીવલી સમાજ દ્વારા ખૂબ સારો સહકાર મળ્યો હતો. સાઉન્ડ સિસ્ટમ તેમજ LED સ્ક્રીનનું સંચાલન સાત્વિકભાઈ ધોળુની ટીમે ઉત્તમ રીતે પાર પાડ્યું હતું.

કાર્યક્રમના અંતમાં મુંબઈ રીજિયન E&T સમિતિ કન્વીનર જયેશભાઈ ભગત દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી અને રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવેલ હતી.

અંતમા સૌ ગરબા અને ડીઝેના તાલે રમીને છુટ્ટા પડયા હતા.

સંકલન : જયેશ નાનજી ભગત - MUR E&T કન્વિનર

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : અશોક વિસનજી સેંઘાણી - મહામંત્રી : હિરેન ભવન લીંબાણી**

**શ્રી ક.ક.પા. જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ....** પાના નં. ૧થી ચાલું...

હતી જેનો આનંદ ભાગ લેનાર વર-કન્યાના આઠે પક્ષમાં સ્પષ્ટ ઉજાગર થયો હતો.

સોનામાં સુગંધ ભળે તેમ દાતાઓ દ્વારા અપાયેલ દાનની ધારાઓ વહેવળાવિને ભાગલેનાર ચારે જોડલાને આર્શિવાદ આપ્યા હતા. દાનની રકમનું કન્યાદાન દરેક કન્યાને સરખે ભાગે આગામી સમયમાં જાણકરીને આપી દેવામાં આવશે.

ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણીએ આપણા સર્વે વતીથી આર્શિવાદમાં જનસંખ્યા વધારવા પર ભાર આપી, વધારેમાં વધારે સંખ્યામાં દીકરા-દીકરી ભાગલે તેવું ઉત્સાહ પૂર્વકનું વાતાવરણ ઉભું કરવાની ભણામણ કરેલ હતી.

આભાર વિધિ શ્રી પ્રકાશભાઈ માવાણીએ કરી હતી અને મહિલા મંડળ, યુવક મંડલ, વગેરેના આર્શિવાદથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### ૨૬મી જાન્યુઆરીની ઉજવણી

ભારત રાષ્ટ્રના સ્વતંત્રતાના પ્રતિક એવા પ્રજાસ્તાક દિવસની ઉજવણી શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા યોજાતા કાર્યક્રમમાં ત્રણેય વાડી ઘાટકોપર વાડી, બોરીવલી વાડી તેમજ ડોંબિવલી ભવન ખાતે ટ્રસ્ટ ફંડના અધિકારીઓ અને ટ્રસ્ટીઓ મુંબઈ યુવક મંડળ અને સ્થાનિક યુવક મંડળ, મહિલા મંડળ મુંબઈ તથા સ્થાનીક મહિલા મંડળ તેમજ ત્રણેય જગ્યાની સ્થાનિક વ્યવસ્થા સમિતિ તેમજ જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ધ્વજારોહપણ દ્વારા સલામી આપવામાં આવી હતી. રાષ્ટ્રગીત સાથે શુભેચ્છા સંદેશાઓની આપલે કરવામાં આવી હતી. આવતીકાલના ભારત એવા યુવાનો યુવતિઓ અને નાના બાળકોએ પણ સ્વતંત્રના પર્વને જોમ અને ઝુસા પૂર્વક ભાગ લઈને શોભા વધારી હતી.

અંતમાં આભાર સાથે અલ્પાહાર સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

**લી. ચેરમેન : કાંતિલાલ નારાયણ સેંઘાણી**

**મેનેજીંગ ટ્રસ્ટી : શાંતિલાલ શીવજી ભીમાણી**







Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.
Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Corporation Bank, Ghatkopar (West), Mumbai - 400 086.